# સુરત મહાનગરપાલિકા
# (Visit us at www.suratmunicipal.gov.in)
## જાહેરાત

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન માધ્યમિક શાળાઓમાં ઉપસ્થિત થયેલ ગુજરાતી માધ્યમની જગ્યાઓ પૈકી વિવિધ કારણોસર ખાલી રહેલ જગ્યા તથા નવી શરૂ થનાર શાળાઓ/ વર્ગ વધારા માટે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આખરી મંજુરીને આધિન પ્રતિક્ષાયાદી બનાવવા સારૂ સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બમશ–૧૦૧૪–૧૪૦–ગ તા.૨૧–૧૨–૨૦૧૫ ની જોગવાઈઓ અનુસાર મુલાકાતી શિક્ષક તાસદીઠ માનદ વેતનથી ટુંકી મુદતનાં સમયગાળા માટે કામગીરી કરવા સંમત હોય અને પસંદગી પામ્યેથી ઉમેદવાર શાળા શરૂ થયેથી તાકીદે ફરજ ઉપર જોડાઈ શકે તેવા ઉમેદવારોની નીચે જણાવેલ લાયકાત અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસેથી પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | માધ્યમ | વિષય | જગ્યાની સંખ્યા | લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાતી | અંગ્રેજી | ૦૧ | બી.એ., બી.એડ. |
| | | ગુજરાતી | ૦૧ | બી.એ., બી.એડ. |
| | | સામાજીક વિજ્ઞાન | ૦૧ | બી.એ., બી.એડ. |
| | | શારીરિક શિક્ષણ | ૦૧ | બી.એ. ડી.પી.એડ. |
| ૨ | મરાઠી | અંગ્રેજી | ૦૫ | બી.એ., બી.એડ. |
| | | મરાઠી | ૦૨ | બી.એ., બી.એડ. |
| | | વિજ્ઞાન/ગણિત | ૦૮ | બી.એસ.સી., બી.એડ. |
| | | ગણિત/વિજ્ઞાન | ૦૪ | બી.એસ.સી., બી.એડ. |
| ૩ | હિન્દી | હિન્દી | ૦૧ | બી.એ., બી.એડ. |
| | | ગણિત | ૦૨ | બી.એસ.સી., બી.એડ. |
| | | વિજ્ઞાન | ૦૩ | બી.એસ.સી., બી.એડ. |
| | | સમાજવિદ્યા | ૦૨ | બી.એ., બી.એડ. |
| | | અંગ્રેજી | ૦૩ | બી.એ., બી.એડ. |
| ૪ | ઉડીયા | ગણિત | ૦૧ | બી.એસ.સી., બી.એડ. |
| | | વિજ્ઞાન | ૦૧ | બી.એસ.સી., બી.એડ. |
| ૫ | ઉર્દૂ | ગણિત | ૦૨ | બી.એસ.સી., બી.એડ. |
| | | વિજ્ઞાન | ૦૧ | બી.એસ.સી., બી.એડ. |
| | | અંગ્રેજી | ૦૨ | બી.એ., બી.એડ. |

ઉપરોકત જગ્યા માટેના અરજીનાં નિયત ફોર્મ મહાનગરપાલિકાનાં રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરત તેમજ તમામ સીટી સીવીક સેન્ટરો ઉપરથી રજાનાં દિવસો સિવાય સવારનાં ૧૦:૩૦ થી બપોરે ૨:૩૦ તથા બપોરે ૩:૦૦ થી ૪:૩૦ વાગ્યા સુધીમાં રૂા.૫૦/– ની કિંમતે મળશે. ટપાલ મારફત અરજીફોર્મ મંગાવનારે આખરી મુદતના ઓફીસ કામકાજના ૬ દિવસ પહેલા પહોંચે તે રીતે "કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા" નાં નામનો રૂા.૫૦/– નો ક્રોસ્ડ ભારતીય પોસ્ટલ ઓર્ડર વાળા કવરમાં ૨૩ સે.મી. × ૧૦ સે.મી. ની સાઈઝનાં પોતાનાં સરનામાવાળા રૂા.૫/– ની ટપાલ ટીકીટ ચોંટાડેલ કવર સાથે તથા પોસ્ટલ ઓર્ડર વાળા કવરમાં બીજુ રૂા.૫/– ની ટીકીટ ચોંટાડી પોતાના પુરેપુરા નામ–સરનામા તથા મોબાઈલ નંબર સહિતની વિગતવાળું ૨૩ સે.મી × ૧૦ સે.મી. ની સાઈઝનું ખાલી જવાબી કવર સાથે બીડાણ કરી રેકર્ડ વિભાગ, નાનપુરા માર્કેટ, ભંડારીવાડ, સુરતને મોકલવાનો રહેશે. પોસ્ટલ ઓર્ડર સિવાય તેમજ મુદત વિત્યા બાદ ટપાલથી અરજી ફોર્મ મંગાવવાની માંગણી ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં. સુરત મહાનગરપાલિકા તરફથી પોસ્ટ કરવામાં આવેલ અરજીફોર્મ ટપાલથી અરજીફોર્મ મંગાવનારને નિયત સમયમાં ન મળે તો તે અંગેની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહીં.

ઉકત જગ્યા માટેની વિગતવાર માહિતી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, મુગલીસરા, સુરતના નોટીસ બોર્ડ પરથી તેમજ www.suratmunicipal.gov.in. વેબસાઈટ પરથી જાહેરાત પ્રસિધ્ધ થયાના ત્રણ દિવસ બાદ મળી શકશે. વધુ વિગત માટે મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગનો ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ એકસ–૨૬૦ અથવા ૨૩૧ ઉપર સંપર્ક કરવો. અરજી મોકલવાની છેલ્લી તા. ૩૦ /૦૩/૨૦૧૯ છે.

અરજી મોકલવાનું સરનામુ : – **ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,(મધ્યસ્થ કચેરી)ની ઓફિસ, રૂમ નં. ૭૫,**
પહેલા માળે, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

**સહી/– એમ.થેન્નારસન**
**મ્યુનિ. કમિશ્નર,**
**સુરત મહાનગરપાલિકા.**

**નં.પીઆરઓ/૬૬૮/૨૦૧૮–૧૯**
**તા. ૦૮/૦૩/૨૦૧૯.**